જોઇએ છે

આર. એમ. ઓ. (લેડી)
ગાયનેકના અનુભવીને પ્રેફરન્સ

સિસ્ટર - 2
એ.એન.એમ./જી.એન.એમ./અનુભવી

આયા માસી - 2

ભક્તિ હોસ્પિટલ, ઉધના ગામ સુરત.
9727711567

સુરતના ડૉ. પંકજ ગાંધીનું વૈશ્વિક સ્તરે બહુમાન

સુરત : સુરતના જાણીતા સંશોધક અને શિક્ષણવિદ ડૉ. પંકજ ગાંધીએ આંતરરાષ્ટ્રીય સ્તરે સિદ્ધિ હાંસલ કરી સુરતનું ગૌરવ વધાર્યું છે. વિશ્વના અગ્રણી ઓપન એક્સેસ પબ્લિશર 'IntechOpen' દ્વારા ડૉ. ગાંધીને તેમના આગામી મહત્વાકાંક્ષી પુસ્તક પ્રોજેક્ટ Gold - Properties and Uses માં પ્રકરણ લખવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

જાહેર ચેતવણી

આથી જાહેર જનતાને જણાવવાનું કે,અમો જાહેર ચેતવણી આપનાર અનીલકુમાર જયસ્વાલ ના પત્ની નામે સુનીતા જયસ્વાલ,પુત્રી સુસ્મિતા જયસ્વાલ,અને પુત્રી બરખા જયસ્વાલ રહે : સચીન, સુરત મુકામે રહીએ છીએ.અમોના પિતાશ્રી/પતિ નામે અનીલકુમાર જયસ્વાલ છેલ્લા ઘણા સમયથી અમારાથી જુદા થઈ ગયેલ છે અને પોતાના મન ચાહે તે રીતે સ્વતંત્ર વહીવટ વેપાર ધંધો કરતા છે અને અમારા ક્હામાં નથી જેથી તેમની સાથે કોઈએ વેપાર ધંધાને અનુલક્ષીને કોઈપણ પ્રકારનો નાણાકીય કે અન્ય વહીવટ કરવો નહિ અને જો કરશો તો તે બાબત વિષે અમો જાહેર ચેતવણી આપનારાઓ કોઈપણ રીતે જવાબદાર નથી અને બનીશું નહી જેની જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.

ઓફિસ: પ્લોટ નં.૧-૨, દુકાન નં.૨, ગુરૂનગર સોસાયટી, ઉધના, સુરત.
મિલન વી. રાવલ
તે સુનીતા જયસ્વાલ,સુસ્મિતા જયસ્વાલ અને બરખા જયસ્વાલ ના એડવોકેટ

જાહેર નોટિસ

હું, **રંજીતકૌર મહેન્દ્રસિંહ ગુમ્બર** આથી સર્વ સામાન્ય જનતાને જાણ કરવા માંગુ છું કે અમોદ્વારા અગાઉ કોઈ પણ વ્યક્તિને/વ્યક્તિના હિતમાં કોઈપણ પ્રકારનું **પાવર ઓફ એટર્ની/મુખત્યારનામું,**જો આપવામાં આવેલ હોય , તો તે આજથી ; તારીખ-૧૬-૦૫-૨૦૨૬ થી જ રદ(Revoked) કરવામાં આવે છે.

આથી જાહેર કરવામાં આવે છે કે આજ ; તારીખ-૧૬-૦૫-૨૦૨૬ પછી અમોના નામની પાવર ઓફ એટર્ની/મુખત્યારનામા ના આધારે કોઈપણ વ્યક્તિ દ્વારા જેમાં અમોનું નામ/હિત સંબંધ છે તેવી મિલકત , હક્ક , દસ્તાવેજ , વેચાણ , ગીરો , હસ્તાંતરણ અથવા અન્ય કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે વ્યવહાર અમાન્ય (Null and Void) , ગેરકાયદેસર ગણાશે અને તેની કોઈ કાનૂની માન્યતા રહેશે નહીં.

તેથી કોઈપણ વ્યક્તિએ અમોના નામની કોઈપણ પાવર ઓફ એટર્ની/મુખત્યારનામા ના આધારે કોઈ વ્યવહાર કરવો નહિ કારણ કે એની કોઈ કાયદેસરતા નથી/રહેશે નહિ અને આવું કરતા પહેલા પોતાનાં જોખમે અને જવાબદારી પર વિચારવું અને છતાં પણ કોઈ પણ જાતનો વ્યવહાર કરવામાં આવશે તો અમો જે-તે વ્યક્તિ સામે કાનૂની પગલાં લેવા કાયદેસરના હક્કદાર છીએ આ જાહેર નોટિસથી જાહેર જનતાને વિદિત થાય.

તારીખ : ૧૬/૦૫/ ૨૦૨૬
સ્થળ: સુરત
જાહેરનામું આપનાર : Ranjeet Kaur
રંજીતકૌર મહેન્દ્રસિંહ ગુમ્બર

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત જીલ્લાના બારડોલી તાલુકાના મોજે ગામ માણેકપોર માં આવેલ બ્લોક નં. : ૫૧૨/પૈકી૧ કે જેનો ખાતા નં. ૬૫૮ વાળી જુની શરતની ખેતીની જમીન કે જેનું ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે.આરે. ૦-૧૬-૧૯ ચો.મી. છે અને જેનો આકાર રૂા. ૧.૮૭ પૈસા છે તે જમીન, જમીનના માલિક મિતલબેન સુરેન્દ્રભાઇ રાઠોડ તે અમીતસિંહ દિલીપસિંહ રાણાની ધર્મપત્નિ પાસેથી અમારા અસીલએ ખરીદ કરવાનું નકકી કરેલ છે. જેથી આ નોટીસ આપી જાહેર જનતા તથા લાગતા વળગતા તમામને જણાવવાનું કે સદર જમીનમાં જે કોઇ વ્યકિત, ઇશમ કે સંસ્થાનો લાગ-ભાગ, હકક, હિસ્સો, ખોરાકી-પોષાકી હોય તો દિન-૦૭ (સાત) માં અમોને પુરાવા સાથે લેખિતમાં જાણ કરવી અને જો સમયમર્યાદામાં તેમ ન કરવામાં આવે તો કોઇ પ્રકારનો કોઇનો હકક સંબંધ નથી, તેવું માનીને અમારા અસીલ પરસ્પર નકકી થયા મુજબ ઉપરોકત જમીનનો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી લેવામાં આવશે. ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની જાહેર જનતાએ આથી નોંધ લેવી. તા.૧૬/૦૫/૨૦૨૬

ઓફીસ : ૨૦૬, ધ ગ્રેસેરીયા, એકસીસ બેંકની બાજુમાં, યોગીચોક, પુણાગામ, સુરત. મો. ૭૭૨૩૮-૦૨૮૬૪
ગૌતમ બી. કાછડીયા
એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત જીલ્લાના બારડોલી તાલુકાના મોજે ગામ માણેકપોર માં આવેલ બ્લોક નં. : ૫૨૩ કે જેનો સીટી સર્વે નં. NA૫૨૩ વાળી રહેણાંક હેતુ માટેની બિનખેતીની જમીન કે જેનું સીટી સર્વે મુજબ ક્ષેત્રફળ ૩૪૪૦ ચો.મી. છે તે જમીન, જમીનના માલિક મિતલબેન અમિતસિંહ રાણા પાસેથી અમારા અસીલએ ખરીદ કરવાનું નકકી કરેલ છે. જેથી આ નોટીસ આપી જાહેર જનતા તથા લાગતા વળગતા તમામને જણાવવાનું કે સદર જમીનમાં જે કોઇ વ્યકિત, ઇશમ કે સંસ્થાનો લાગ-ભાગ, હકક, હિસ્સો, ખોરાકી પોષાકી હોય તો દિન-૦૭ (સાત) માં અમોને પુરાવા સાથે લેખિતમાં જાણ કરવી અને જો સમયમર્યાદામાં તેમ ન કરવામાં આવે તો કોઇ પ્રકારનો કોઇનો હકક સંબંધ નથી, તેવું માનીને અમારા અસીલ પરસ્પર નકકી થયા મુજબ ઉપરોકત જમીનનો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી લેવામાં આવશે. ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની જાહેર જનતાએ આથી નોંધ લેવી. તા.૧૬/૦૫/૨૦૨૬

ઓફીસ : ૨૦૬, ધ ગ્રેસેરીયા, એકસીસ બેંકની બાજુમાં, યોગીચોક, પુણાગામ, સુરત. મો. ૭૭૨૩૮-૦૨૮૬૪
ગૌતમ બી. કાછડીયા
એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત જીલ્લાના બારડોલી તાલુકાના મોજે ગામ માણેકપોર માં આવેલ બ્લોક નં. : ૫૧૪ કે જેનો ખાતા નં. ૬૬૬ વાળી જુની શરતની ખેતીની જમીન કે જેનું ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે.આરે. ૨-૧૯-૫૫ ચો.મી. છે અને જેનો આકાર રૂા. ૨૪.૫૯ પૈસા છે તે જમીન, જમીનના માલિકો (૧) દિલીપસિંહ છત્રસિંહ રાણા તથા (૨) રંજનબેન દિલીપસિંહ રાણા પાસેથી અમારા અસીલએ ખરીદ કરવાનું નકકી કરેલ છે. જેથી આ નોટીસ આપી જાહેર જનતા તથા લાગતા વળગતા તમામને જણાવવાનું કે સદર જમીનમાં જે કોઇ વ્યકિત, ઇશમ કે સંસ્થાનો લાગ-ભાગ, હકક, હિસ્સો, ખોરાકી-પોષાકી હોય તો દિન-૦૭ (સાત) માં અમોને પુરાવા સાથે લેખિતમાં જાણ કરવી અને જો સમયમર્યાદામાં તેમ ન કરવામાં આવે તો કોઇ પ્રકારનો કોઇનો હકક સંબંધ નથી, તેવું માનીને અમારા અસીલ પરસ્પર નકકી થયા મુજબ ઉપરોકત જમીનનો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી લેવામાં આવશે. ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની જાહેર જનતાએ આથી નોંધ લેવી. તા.૧૬/૦૫/૨૦૨૬

ઓફીસ : ૨૦૬, ધ ગ્રેસેરીયા, એકસીસ બેંકની બાજુમાં, યોગીચોક, પુણાગામ, સુરત. મો. ૭૭૨૩૮-૦૨૮૬૪
ગૌતમ બી. કાછડીયા
એડવોકેટ

મિલ્કતના ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે **સુરત** ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ તાલુકો:-**માંડવી**ના **મોજે ગામ:-તડકેશ્વર(બિનખેતી)ના બ્લોક નં.૧૯૪૬ તથા ૧૯૪૭/૧(જેનો સીટી સર્વે નં: NA1947/1)** થી નોંધાયેલ બીનખેતીની જમીનમાં **રહેણાંક હેતુ** માટે આથોજત **"માધવ રેસીડેન્શી"**ના નામથી ઓળખાતી સોસાયટીમાં આવેલા પ્લોટો પૈકી **"પ્લોટ નં.૩૧ થી ૪૧"** વાળી મિલ્કતની **હાલની માલિકી ગોરધનભાઈ કુરજીભાઈ ગોયાણી** ની ચાલી આવેલ છે. સદરહુ જમીન-મિલ્કતના માલિકો પાસેથી **અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૦૭ તા.૦૨-૦૧-૨૦૨૩ તથા તેની અસલ રજીસ્ટ્રેશન ફી રસીદ** ગેરવલ્લે યાને ગુમ થયેલ હોવાનું જણાવી અમો કનેથી સદરહુ જમીન-મિલ્કતોનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી સદરહુ જમીન-મિલ્કતો બાબતે કોઈને કોઈપણ પ્રકારનો વાંધા વિરોધ અવરોધ અટકાયત, કોઈ કોલ-કરાર, દરદાવો, હકક, હીત, હીસ્સો, દાવાદુવી કે અન્ય કોઈપણ પ્રકારનું હકક-હીત-હિસ્સો કે તર-તકરાર અથવા કોઈ નાણાંકીય સંસ્થાનો ચાર્જ યાને બોજો હોય તો તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી **દિન-૭**માં લેખિત પુરાવા સહિત નીચે જણાવેલ સરનામાં ઉપર જાણ કરવી મુદત વિત્યે કોઈના કોઈપણ જાતના વાંધા વિરોધ અવરોધ આવશે નહીં તો સદરહુ જમીન-મિલ્કતોનું અમો એડવોકેટ ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને પાછળથી કોઈના કોઈપણ જાતના વાંધા ચાલશે નહીં અને સદરહુ મિલ્કત ઉપર અમારા અસીલ બેંકનો પ્રથમ ચાર્જ રહેશે. જેની આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓએ નોંધ લેવી. તા.૧૬-૦૫-૨૦૨૬

સુજીત બી.રામોલીયા - એડવોકેટ
ઓફીસ નંબર: ૪૦૧૩,સેન્ટ્રલ બાઝાર, વરાછા પોલિસ સ્ટેશનની સામે,વરાછા,સુરત મો.: ૯૮૨૪૭-૨૧૦૦૨

-:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::-

આથી ડિસ્ટ્રીકટ : સુરત , તાલુકા : ઓલપાડ ના **મોજે : ભાઈંડી** ના **બ્લોક નંબર : ૩૫૪** વાળી તા.૨૭/૦૬/૨૦૨૨ ના રોજ હુકમ નંબર : **1186/22/08/047/2022 થી બિન ખેતી પ્રિપ્રાય (એન.એ.)** થયેલ જમીન કે જેનું ૭/૧૨ મુજબનું ક્ષેત્રફળ **૧૬,૬૯૩.૦૦ ચો.મી.** વાળી એન.એ. થયેલ જમીન કે જે જમીનના માલિક : **ગીરીશભાઈ સોમાભાઈ રાઠોડ,** રહે.: ભાઈંડી, સુરત નાઓની ચાલી આવેલ છે. ઉપરોકત બ્લોક નંબર તેમજ સર્વે નંબરવાળી જમીનને જમીનના મૂળ માલિક વેચાણ કરવા ઈચ્છતા હોઈએ, જેથી અમોની સંમતીસૂચક સહી સાથે ઉપરોકત જમીનમાં અમો નીચે સહી કરનાર જમીન માલિક અમારી માલિકીની જમીન અમારા વેંચાણ આપવા માંગતા હોય, જે અસીલે ખરીદ કરવા માંગતા હોય, આ જાહેર નોટીસ પ્રસીધ્ધ કરી જણાવીએ છીએ કે, ઉપરોકત નોટીસમાં વર્ણવિલ જમીનો અમોના અસીલ ખરીદ કરવા નક્કી કરેલ હોય જેથી નીચે સહી કરનાર નાઓની માલિકી કબજા ભોગવટાની ચાલી આવેલ જમીન સબંધે ટાઈટલ કલીયરન્સ ટીપોર્ટ મેળવવા તેમજ વેચાણ અંગેનો સ્પષ્ટ વ્યવહાર કરવા માંગતા હોય જેથી સદર જમીન સબંધે કોઈપણ વ્યક્તિ, સંસ્થા, સંગઠન, મંડળ કે મંડળના કોઈપણ પ્રકારના હક્કો જેવા કે ઈઝમેન્ટ સબંધેનો, સીવીલ રાઈટ્સ જેવા કોઇપણ પ્રકારનો સીધો કે આડકતરો હક્ક હિસ્સો જણાય આવતો હોય તો તેઓએ **દિન-૧૦** માં નીચે દશવિલ ઓફીસના સરનામે લેખિતમાં વાંધા તકરાર રજુ રાખવા અન્યથા અમારા અસીલ ઉપર વર્ણવિલ જમીન સબંધેના પાકા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અંગેની નોંધણી કરાવી વેચાણ અંગેનો વ્યવહાર પુર્ણ કરશે જે સબંધે પાછળથી ઉઠાવવામાં આવેલ કોઇપણ પ્રકારની તકરારો તેમજ વાંધા ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં તેમજ તેવી પાછળથી ઉભી કરેલી તકરારો સંબંધે તેવી તકરાર ઉઠાવનાર વ્યક્તિને દાવા દુવી સિવાય કોઇને કોઇ પ્રકારનો જમીનોમાં હક્ક કે લાભ થશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફીસ : ૨-ઈ, નિલગગન એપાર્ટમેન્ટ, બીજા માળે, ધીરજ સન્સ પાસે, અઠવાગેટ, સુરત. મો. ૯૮૨૪૨ ૮૧૪૪૬.
સુનિલ બી. રાઠોડ
એડવોકેટ એન્ડ નોટરી

વેચાણ અંગેની નોટીસ

આથી જાહેર જનતાને આ નોટીસ આપી જણાવવાનું કે જીલ્લે નવસરી તાલુકે નવસારીના **મોજે: અંબાડા** ગામના રેવન્યુ દફતરે **ખાતા નં..૮૦૭** જેનો **સર્વે/બ્લોક નંબર-૪૯૦** થી નોંધાયેલી **હે.આરે.ચો.મી. ૦-૧૬-૧૯** આકાર **રૂા. ૪.૦૦ પૈ.** તથા **સર્વે/બ્લોક નંબર - ૪૯૨** થી નોંધાયેલી **હે.આરે.ચો.મી. ૦-૨૬-૩૦** આકાર **રૂા. ૬.૮૧ પૈ.** વાળી ખેતીની જુની શરતની જમીન જ્યોત્સનાબેન તે તનસુખભાઈ પટેલની પુત્રી અને દિલીપભાઈ પટેલની પત્નીની માલિકીની અને કબજા ભોગવટાની હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે માટે સદર મિલકતમાં કોઈનો વાંધો, હકક, હિસ્સો, લાગભાગ, દર, દાવો, તર-તકરાર, હિત સબંધ કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈપણ રીતે હકક, હિસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનું લેણું હોય તો નીચેના સરનામે રૂબરૂ આવી/લેખિતમાં દિન-૧૦ માં પુરાવા સહિત જાણ કરવી, જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદર જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાના કોઈપણ જાતનો હકક, હિસ્સો કે લેણું નથી અને હોય તો જતો કરેલો છે, એમ માની હમારા અસીલ પાકા વેચાણ દસ્તાવેજો કરાવી લેશે અને ત્યાર પછી કોઈપણ વ્યક્તિ કે સંસ્થાની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહિ અને તેવી વ્યક્તિઓને કોઈપણ જાતના હકક પ્રાપ્ત થશે નહિં. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

અસીલ મજકુરની સુચના અને ફરમાઈશ અન્વયે,
મારી મારફત,
તા. ૧૫-૦૫-૨૦૨૬ **પિયુષકુમાર વી. ટીમ્બર** (એડવોકેટ)

ઓફીસઃ ૧૦૨, પહેલો માળ, જે. એલ. કોમ્પલેક્ષ, એસ. એસ. મોર્ટસની સામે, કુંભારવાડ, નવસારી, તા. જી. નવસારી-૩૯૬૪૪૫.
રહે. કુરેલ, માછીવાડ ફળિયુ, તા. જી. નવસારી-૩૯૬૪૬૯. મો.: ૮૮૬૬૨૫૨૫૨૮

વેચાણ દસ્તાવેજ કરી આપતા પહેલાની ટાઈટલ કલિયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના મોજે:ઝીબોરા ગામના ખાતા નં.૧૭૦, બ્લોક નં.૧૯, સર્વે નં.૩૧૫ પૈકી હેક્ટર આરે ૨-૬૬-૩૭ ચો.મી.જમીન, આકાર રૂા.૫.૨૫ પૈસાવાળી ખેતીની જુની શરતની જરાયત વાળી જમીન અમો નીચે સહી કરનાર સંજયભાઈ ઠાકોરભાઈ મોદી ના સ્વતંત્ર નામે ચાલી આવેલ છે. સદરહું જમીનના અમો સ્વતંત્ર માલિક, મુખત્યાર, કબજેદાર હોઇ સદરહું મિલકત અમોની સ્વતંત્ર માલિકી, પ્રત્યક્ષ કબજા, ભોગવટા, વહીવટવાળી તેમજ કલીયર માર્કેટેબલ ટાઇટલ્સ તથા કોઇપણ પ્રકારના દાવાઓ તથા બોજાઓ વગરની હોવાનું જણાવી, અમો ઉપરોકત વર્ણનવાળી મિલકતનું દામજીભાઈ લવજીભાઈ સોજીત્રા અને મનીષભાઈ દામજીભાઈ સોજીત્રા, રહે. સુરતનાને વેચાણ કરવા માટે સોદો કરેલ હોવાથી સદરહું મિલકતમાં કોઇપણ વ્યકિત, સંસ્થા યા બેંકનો કોઇપણ જાતનો હક્ક, હિત, હિસ્સો, લાગભાગ, અલાખો, અધિકાર, લીસપેન્ડસી, લીયન કે એટેચમેન્ટ, ઇઝમેન્ટ, ખોરાકી-પોષાકી, જામીનગીરી, ચાર્જ-બોજો, દરદાવો, કબજો, ગીરો, બાનાખત, વારસાઇ વિગેરે સીધી કે આડકતરી રીતે હિત સંબંધ વિગેરે હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી તેમણે દસ્તાવેજ પુરાવાઓ સહિત દિન-૭ (સાત)માં નીચે દર્શાવેલ સરનામે અમોના વકીલશ્રીને લેખિતમાં જાણ કરવી, જો તેમ કરવામાં કસુર થયેથી સદરહું મિલકતમાં કોઇનો કોઇપણ જાતનો હક્ક, હિત, હિસ્સો, લાગભાગ, અલાખો, અધિકાર, લીસપેન્ડસી, લીયન કે એટેચમેન્ટ, ઇઝમેન્ટ, ખોરાકી-પોષાકી, જામીનગીરી, ચાર્જ-બોજો, દરદાવો, કબજો, ગીરો, બાનાખત, વારસાઇ વિગેરે સીધી કે આડકતરી રીતે હિત નથી તેમ માની અથવા જો હોય તો "વેવ" કર્યો છે તેમ માની લઇ અમો મજકુર મિલકતનો પાકો દસ્તાવેજ કે અન્ય લખાણો ખરીદનાર પક્ષકારને કરી આપીશું અને પાછળથી કોઇના કોઇપણ જાતના દર-દાવા કે તર-તકરાર ચાલશે નહીં જેની લાગતા-વળગતાઓએ ગંભીરપણે નોંધ લેવી. સ્થળ : સુરત, તા:૧૬/૦૫/૨૦૨૬

મારી મારફત
ધારાશાસ્ત્રી પ્રકાશકુમાર મથુરભાઈ કોરાટ
ધારાશાસ્ત્રી પી.એમ. કોરાટ
ઓફીસ નં.૨૦૩, ગોકુલમ આર્કેડ, રાઈઝઓન પ્લાઝાની બાજુમાં,સરથાણા, સુરત -૩૯૫૦૧૩ મો :૯૦૩૩૯૦૦૫૦૫ : dharashastri712@gmail.com

વેચાણ અને ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

જત અમારા અસીલ તરફે આથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, દેહુરભાઈ નારણભાઈ શીયાળીયા (ભરવાડ) એ ડિસ્ટ્રીકટ સુરત, સબ-ડિસ્ટ્રીકટ ચોર્યાસીના મોજે : વાંઝ ગામના રે.સ.નં. ૨૧૨ વાળી જમીન જેનો બ્લોક નંબર : ૨૨૮ છે, તે ખેતી સિવાયની જમીન કે જે "અનમોલ નગર" ના નામે ઓળખાય છે, તેમાં આવેલા પ્લોટો પૈકી કે.જે.પી. દુરસ્તી બાદ બ્લોક/પ્લોટ નં.૨૨૮-૨૩૧ થી ૨૩૮ (કુલ્લે-૭ પ્લોટ) વાળી ખુલ્લી જમીન તેના હાલમાં માલિક રાજુભાઈ કેશુભાઈ દેસાઈ પાસેથી ખરીદ કરવા માંગે છે. પરંતુ સદરહુ મિલ્કતના હાલમાં માલિકના જણાવ્યા અનુસાર સદરહુ મિલ્કતના મહે. સુરતના સબ-રજીસ્ટ્રાર-૬ (કુંભારીયા) સાહેબની કચેરીમાં તા.૦૭/૦૭/૨૦૧૭ ના રોજ અનુક્રમ નં.૨૮૦૫ થી નોંધાયેલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની અસલ રજીસ્ટ્રેશન રસીદ તેઓથી ખોવાય ગયલે છે/ગેરવલ્લે થયેલ છે. ઉપરોકત દેહુરભાઈ નારણભાઈ શીયાળીયા (ભરવાડ) સદર પ્લોટોવાળી જમીન ખરીદ કરે તેની સામે જો કોઈને કોઈપણ જાતના વાંધા કે વિરોધ હોય અથવા સદર પ્લોટોવાળી જમીન ઉપર કોઈ ઈસમનો, બેંકનો, સરકારી, અર્ધ સરકારી સંસ્થાનો કે અન્ય કોઈ હરકોઈનો કોઈપણ જાતના લાગભાગ, હકક, હિત, હિસ્સો, કબજો ભોગવટો, બોજા યા ચાર્જ હોય તો તેમને પોતાના વાંધા આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૭ માં લેખિત પુરાવાની નકલો સહીત અમોને નોંધાવવા. જો તેમ કરવામાં કસુર થશે તો લાગતા વળગતા તમામે સદર પ્લોટો વાળી જમીનમાંનો પોતાનો હકક હિસ્સો જતો કર્યો છે તેમ માનીને અમારા અસીલ યાને સદર પ્લોટોવાળી જમીનના ખરીદ કરનારનો સદરહુ જમીન ઉપર પ્રથમ ચાર્જ રહેશે. જે અંગે પાછળથી કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહી અને જો કરશે તો આ જાહેર નોટીસથી રદ બાતલ ગણાશે સહી.

તા. ૧૬/૦૫/૨૦૨૬
સરનામુ : ચોથો માળ, રૂંગટા શોપીગ સેન્ટર, વીઆઈપી રોડ, વેસુ, સુરત.
મો. નં. ૮૪૬૦૨૭૯૮૭૮, ૯૦૧૬૬૬૮૩૦૩
(હિરેન એ. રાણા)
(હાર્દિક ડી. મહેતા)
એડવોકેટસ

ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

જીલ્લો સુરત, તાલુકો ચોર્યાસી (સુરત સીટી), મોજે ઉધના, નોંધ નંબર-૦૦૫૭ પૈકી નંબર-૧ તથા ૨ તથા ૫૮ અને ૬૨ થી નોંધાયેલી જમીન કે જે "એસ. કે. ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી વિભાગ-૨" ના નામથી ઓળખાય છે તેમાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નંબર-૭૧ થી નોંધાયેલી મીલકત, જેનું સુમારે ક્ષેત્રફળ ૧૬ ફુટ બાય ૮૦ ફુટ છે અને જેની ઉપર ભોયરૂં, ભોંયતળીયું તથા ૧ + ૨ માળના બાંધકામ સહિતની મીલકત કે જે સુરત મહાનગરપાલિકાના દફતરે ટેનામેન્ટ નંબર-૩૨એ-૦૧-૦૭૧૧-૦-૦૦૧ થી નોંધાયેલ છે તે મીલકત ચતુરભાઈ હરગોવનદાસ પટેલ તથા તેઓના ગુજરવા બાદ તેઓના સીધીલીટીના કાયદેસરના વારસદારોની માલિકી કબજા ભોગવટા વહીવટની ચાલી આવેલી જે મીલકત રાકેશકુમાર પુરણમલ ગીડીયા તથા રેણુબેન રાકેશકુમાર ગીડીયાનાઓએ મજકુર માલિકો પાસેથી ખરીદ કરવાનું નક્કી કરેલું જે અંગે સુરતની દિવાની કોર્ટમાં રેગ્યુ. દિ. મુ. નંબર-૬૧૯/૨૦૧૫ તેમજ સ્પે. દિ. મુ. નંબર-૩૧૩/૨૦૦૮ ના પ્રકરણો થયેલા. સદર દાવાના કામે તા. ૦૭/૦૫/૨૦૨૬ ના રોજ સમાધાન રજુ થયેલું છે અને તે સમાધાનની રૂએ સદર મીલકતનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ રાકેશકુમાર પુરણમલ ગીડીયા તથા રેણુબેન રાકેશકુમાર ગીડીયાનાઓના લાભમાં અવેજ ચુકવ્યેથી કરી આપવાનું સમાધાન થયેલ છે. મજકુર રાકેશકુમાર પુરણમલ ગીડીયા તથા રેણુબેન રાકેશકુમાર ગીડીયાનાઓ ટુંક સમયમાં સમાધાન મુજબ પુરેપુરો અવેજ મજકુર માલિકોને ચુકવી આપી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરતાં અગાઉ ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની મજકુર રાકેશકુમાર પુરણમલ ગીડીયા તથા રેણુબેન રાકેશકુમાર ગીડીયાનાઓએ માંગણી કરેલ છે.

આથી સદર મીલકત અંગે કોઈનો પણ કશા પ્રકારનો લાગભાગ, દરદાવો, હકક, હિત, હિસ્સો, સંબંધ હોય અથવા તો લખાણો હોય તો આ ટાઈટલ કલીયરન્સ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ ની મુદ્દતમાં પુરાવા સહિત લેખિતમાં અમોને જાણ કરવી. મુદ્દત વિત્યે સદર મીલકત ઉપર અન્ય કોઈનો લાગભાગ, દરદાવો, હકક, હિત, હિસ્સો, સંબંધ નથી અથવા તો લખાણો નથી અને જો હોય તો તે જતા કરેલ છે યાને વેઈવ કરેલ છે તેવું શુદ્ધબુદ્ધિપૂર્વક માની રેવન્યુ રેકર્ડ તથા સબ રજીસ્ટ્રાર કચેરી માંથી સર્ચ વિગેરેની કાર્યવાહી કરી ટાઈટલ કલીયરન્સ અંગેની કાર્યવાહી કરવામાં આવશે, પાછળથી કોઈની કશા પ્રકારની તર-તકરાર રહેશે નહીં, જેની આથી સર્વેએ નોંધ લેવી.

ઠેકાણું-૭૦૪, પુજન એપાર્ટમેન્ટ, શિવા આશિષ સંકુલ, ગંગેશ્વર મહાદેવ મંદિરની પાછળ, ન્યુ અડાજણ રોડ, સુરત. મો.૭૬૬૮૦ ૬૨૮૨૬
રિચા કે. ભટ્ટ અને રાહુલ એસ. પટેલ
તે (૧) રાકેશકુમાર પુરણમલ ગીડીયા તથા (૨) રેણુબેન રાકેશકુમાર ગીડીયાના એડવોકેટસ

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે.. ડી. સુરત, તા.પલસાણા, મોજે ગામ : નિયોલના બ્લોક નં.૩૫૦/૬/૧, જેનો સીટી સર્વે નં.**NA350**/૬/૧, જેનું ક્ષેત્રફળ ૮૩૬૦ ચો.મીટર વાળી બિનખેતીની ખુલ્લી જમીન તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના હરકોઈ પ્રકારનાં હકક સહીતની જમીન **(૧) પિયુષભાઈ હનુભાઈ ધોરાજીયા (એચ. યુ.એફ), (૨) આર્ય પિયુષકુમાર ધોરાજીયા, (૩) પાર્થીવ વલ્લભભાઈ જોધાણી**નાએ તેઓની સંયુકત માલીકી, પ્રત્યક્ષ કબજા ભોગવટાની તથા ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલ વાળી હોવાનું જણાવીને મારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહુ જમીનમાં કોઈના કંઈપણ પ્રકારના લખાણ કે કંઈપણ પ્રકારનો લાગભાગ, દરદાવો, હકક, હિત, હિસ્સો કે ઈઝમેન્ટનો, બોજાનો, સંપાદનનો કે અન્ય તરહનો કોઈ હકક હિત હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અમારી ઓફીસે લેખીતમાં પુરાવા સાથે વાંધાઓ રજુ કરવા, જો તેવા કોઈ વાંધા નિયત સમયમર્યાદા દરમ્યાન નહી આવે તો કોઈનાં પણ હકક દાવાઓ કે વાંધાઓ નથી અને જો હોય તો તેમણે જતા કરેલા યાને વેવ કરેલા છે, તેવુ સમજી મારા અસીલ સદર જમીન અંગેના ઉપરોકત જમીન માલીક સાથેના વેચાણ વ્યવહારો પુર્ણ કરી સદર જમીનનો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર કે વાંધો વિરોધ ચાલશે નહી. તેમજ મારા અસીલની કોઈપણ જાતની આર્થીક કે કાનુની જવાબદારી રહેશે નહી. તેની જાહેર જનતાએ નોંધ લેવી. તા. ૧૬/૦૫/૨૦૨૬

ઓફીસ :-
૨૦૨,૨૦૩, રોયલ આર્કેડ, કેનરા બેંકની બાજુમાં, ગીતાજંલી-એફીલ ટાવર રોડ, વરાછારોડ, સુરત.
ચંદ્રેશ જે. ગજેરા
તે ખરીદનારના એડવોકેટ.

મોજે મોરથાણ ના રેવન્યુ બ્લોક નંબર-૨૬૯ વાળી જમીનની વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી સર્વે ને લાગતા વળગતા ને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ ઓલપાડ ના મોજે **મોરથાણ** ના રેવન્યુ બ્લોક નં.-૨૬૯ વાળી જુની શરતની ખેતીની જમીન જેનુ ક્ષેત્રફળ સુમારે ૦-૫૫-૬૪ હે.આરે.ચો.મી. જમીન જેનો આકાર રૂા. ૮.૦૦ પૈસા છે તે જમીન અલ્પેશકુમાર ચંદુલાલ પટેલ, રહે. ૧૦ લક્ષ્મીવાડી સોસાયટી, દાંડી રોડ, જહાંગીરાબાદ, સુરતનાની સ્વતંત્ર માલીકી પ્રત્યક્ષ કબજા ભોગવટા, વહીવટી, વ્યવસ્થા, જાતખેડની ચાલી આવેલી હોવાનું જણાવી સદરહુ જમીનના તમામ ટાઈટલ કલીયર અને ચોખ્ખા મા